# સરળ નિબંધઆલેખનમાં ગંભીર અર્થબોધ | દિનેશ દેસાઈ

**['આવકાર' (નિબંધો)** : લે. મોહમ્મદ માંકડ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પ્ર. આ. ૨૦૧૦, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ. ૧૦+૧૫૪, કિં. રૂ. ૧૧૦/-]

અંગ્રેજી નવલકથાકાર જૅન ઑસ્ટિન (૧૭૭૫-૧૮૧૭) લખે છે કે, 'વાસ્તવિક જીવનનો આનંદ અને વિષાદ મારા માટે નવી નવી કથા લઈને આવે છે. જે મારા વાચકો માટે પણ નવો નવો અનુભવ બની રહે છે.' જૅન ઑસ્ટિન 'પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડાઈસ' (૧૮૧૩) માટે પણ જાણીતાં છે. આ કથા પરથી નિર્માણ પામેલી ફિલ્મ પણ જાણીતી છે.

સામાન્ય રીતે માણસના જીવનમાં બનતાં નાનાં-મોટાં પ્રસંગ-ઘટના મારફતે જીવનને ચાલકબળ મળતું રહે છે. આ ઈંધણ અથવા ઊંજણ માનવમનને ઊર્જિત કરી મૂકે છે. નવલકથાકાર, વાર્તાકાર, ચિંતક મોહમ્મદ માંકડ (૧૯૨૮) જીવનના વાસ્તવબોધને પ્રમાણીને પોતાના નિબંધઆલેખનમાં પણ સરસ રીતે રજૂ કરે છે. 'આવકાર' નામના નિબંધસંચયમાં તેઓએ ખૂબ સરસ સવાલ કરીને વાત માંડી છે : 'છેલ્લે, તમે તમારા પાડોશી સાથે સ્નેહથી ક્યારેય વાતચીત કરી છે ? માણસ ઘણી વ્યક્તિઓ સાથે સંપર્ક રાખે છે, ઘણા નવા સંબંધો બાંધે છે, પણ પોતાના પાડોશી સાથેના સંબંધો કાયમ મીઠા રાખવાનું કામ ભાગ્યે જ કરે છે. પાડોશી સાથેના સંબંધોમાં પણ પત્ની સાથેના સંબંધ જેવું છે. માણસ એની સાથે પ્રેમ કરવાના બદલે ઝઘડો કરવા જલદી તૈયાર થઈ જાય છે. ઘર પાસે પડેલા કચરા માટે, દીવાલ પાસે ઢોળાયેલા પાણી માટે, કાગળના ડૂચા માટે બે પાડોશીઓ વચ્ચે ગાળાગાળી થઈ જાય છે અને મારામારી થઈ જાય છે.' (પૃ. ૭૦, ૭૧)

મોહમ્મદભાઈનું વિશાળ અને વ્યાપક ફલક પરનું વાચન એમનાં લખાણોમાં સતત ઝળકતું અને ઝબકતું રહે છે. બોલાયેલો શબ્દ ક્યારેક કોઈને મીઠો પણ લાગે તો ક્યારેક બોલાયેલા શબ્દની કડવાશ કોઈને જીવનભર કનડતી રહે. આથી જ શબ્દ તોળી, જોખીને બોલવાનું કહેવાયું છે. તેઓએ ઉપયોગમાં લેવાતા શબ્દ અંગે એક નિબંધમાં કહ્યું છે કે ક્યારેક સહજપણે બોલાયેલા શબ્દો પણ કોઈના માટે અસરકારક બની રહે છે. શબ્દનું અર્થગાંભીર્ય દર્શાવતાં તેઓએ નોંધ્યું છે કે, ''બાલ્ઝાકનું જાણીતું વાક્ય પૅરિસની ટેલરિંગ ફર્મ પર આ રીતે લખાયેલું જોવા મળે છે : ગૉડ મેડ મેન, વી મેડ ધેમ જેન્ટલમેન. વાત સાચી છે. વસ્ત્રોથી મનુષ્યની સુંદરતાનો નિખાર આવે છે, એનું વ્યક્તિત્વ ખીલે છે.' (પૃ. ૩૭)

'કેલિડોસ્કૉપ' શ્રેણીના નિબંધોનું ૧૭મું પુસ્તક એટલે 'આવકાર'. સાદી અને સરળ ભાષામાં લખતા લેખકની કલમ દૈનિકપત્રના વાચક માટે વિહરતી હોઈને સરેરાશ વાચકને લક્ષિત કરીને વહેતી રહે છે. એમાં જીવનનું રસાયન, અનુભવનો અર્ક અને વાસ્તવના દિશાનિર્દેશ પણ જાણ્યે-અજાણ્યે આવી મળે છે. કદાચ આ બધું જ એમનાં ગદ્યખંડોને વાચનક્ષમ અને લોકપ્રિય બનાવે છે. આત્મહત્યાનો વિચાર કરનાર યુવાન એમનાં લખાણો વાંચ્યા બાદ જિંદગીને બાથમાં ભરીને ઘરે પાછો ફરે છે તો, એમનું કોઈ લખાણ વૃદ્ધાશ્રમમાંથી મા-બાપને પાછાં ઘરે લઈ આવવા પણ પુત્ર-પુત્રવધૂને પ્રેરે છે. લેખકની અને એ રીતે શબ્દની આ શક્તિ છે. નવલકથા અને ટૂંકી વાર્તા કરતાં આ પ્રકારનું લખવું એ જરા જુદા પ્રકારનું અને સર્જનાત્મક પણ ખરું. પરંતુ આ પ્રકારના નિબંધઆલેખનમાં લેખક ઑર નિખરીને વ્યક્ત થતા રહે છે.

લેખકની શૈલી રસાળ અને રોચક છે. સરળ બાનીમાં તેઓ કદીક જીવનનો અર્ક આપી દેતા હોય છે. એથી જ એમના નિબંધો માણવાલાયક બની રહે છે. પુસ્તકમાં રજૂ થતા ૩૦ નિબંધ એ રીતે આનંદદાયી, બોધદાયી વાચનસફર બની રહે છે. માણસને પોતાનાં પદ-પ્રતિષ્ઠા અને હોદ્દા કેટલાં વહાલાં છે એ આમ તો કહેવાની ભાગ્યે જ જરૂર પડે. નિવૃત્તિની લગોલગ આવી ગયા પછી પણ ખુરશી છોડવી કોઈને ગમતી નથી. તો, માંદગીના બિછાનેથી છેલ્લા શ્વાસ લેતાં પણ માણસ જિજીવિષા છોડી શકતો નથી. ભગવાન શ્રીકૃષ્ણે તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનને કહ્યું જ છે કે, 'બધા ધર્મોને છોડીને તું મારી પાસે આવ.' લેખકે યોગ્ય સમય આવ્યે છોડતાં શીખવાનો નિર્દેશ પણ કરી આપ્યો છે. તેઓએ પોતાની નિરાળી શૈલીએ દૃષ્ટાન્ત આપીને નોંધ્યું છે કે, 'માણસની એક ઉંમર આવે છે, જ્યારે બીજા કોઈને ખબર પડે કે ન પડે પણ તેને પોતાને પોતાની ક્ષીણ થતી જતી શક્તિઓની ખબર પડે જ છે. એડેનૉર કોનરાડે યુદ્ધથી છિન્નભિન્ન થઈ ગયેલા જર્મનીને ઊભું કરવા માટે તોંતેર વર્ષની ઉંમરે ચાન્સેલરનું પદ સ્વીકાર્યું, પણ ચૌદ વર્ષ પછી સિત્યાશી વર્ષની ઉંમરે જ્યારે એનું કામ પૂરું થયું ત્યારે પોતાની મેળે જ એણે ચાન્સેલરપદ છોડી દીધું. જ્યારે છોડવાની વાત આવે છે ત્યારે મોટા ભાગના માણસો એ છોડી શકતા નથી.' (પૃ. ૯)

'આવકાર'માં રજૂ થતા લેખોને આવકાર આપવાનું મન થાય એનું એક કારણ એ પણ ખરું કે, લેખક પોતાની લેખિનીમાં કાવ્યબાનીની કુમાશ અને નજાકત પણ ઉમેરે છે. આથી જ એમનાં લખાણને રસક્ષતિ વિના માણવાં, મમળાવવાં ગમે. તેઓએ 'ઝડપથી બદલાઈ રહેલા સમયમાં સુખી જીવન જીવવાની કલા' મિષે અવલોક્યું છે કે, 'તમે ક્યારેય તારાથી મઢેલા આકાશ સામે નજર કરી છે ? તમે સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગોને ક્યારેય માણ્યા છે ? ફૂલો, વૃક્ષો, વનસ્પતિ સાથે દોસ્તી બાંધી છે ? ઝરણાના કાંઠે બેસી એકલા એકલા એનો અવાજ સાંભળ્યો છે ? પક્ષીઓના સંગીત પર ક્યારેય ધ્યાન આપ્યું છે ? જંગલમાં, વગડામાં, નદીકાંઠે, પહાડોમાં ક્યારેય ફર્યા છો ખરા ? ચોમાસાની ધરતીની ભીની સુગંધ ક્યારેય અનુભવી છે ? તમારાં નાક, કાન, આંખનો ઉપયોગ યોગ્ય રીતે કરશો તો જરૂર તમને આ બધી વાતોમાં રસ પડશે અને જો તમને આવી વાતોમાં રસ નહીં પડે તો તમે જિંદગીની કોટડીમાં કેદ થઈ જવાના.' પૃ. ૭૯, ૮૦)

લેખક ક્યારેક ક્યારેક નિબંધોમાં સરસ મજાનાં પ્રેરણાદાયી સુવાક્યો પણ નિપજાવી આપે છે. જુઓ : 'પ્રાપ્તિ કે તૃપ્તિ માટે માણસની પોતાની જે કલ્પના હોય છે એ કલ્પના બહારની વસ્તુ એને સુખ આપી શકતી નથી.' (પૃ. ૫૧), 'જ્ઞાનીનું સૌથી પહેલું જ્ઞાન એ હોય છે કે એ જાણે છે કે એ બહુ જ ઓછું જાણે છે.' (પૃ. ૬૮), 'જે વ્યક્તિ પોતાના માર્ગમાં પડેલી, ખસેડી ન શકાય એવી મહાકાય શિલાનો સ્ટેપિંગ સ્ટોન તરીકે – આગળ વધવાના પગથિયા તરીકે ઉપયોગ કરી શકે છે એ જ જીવનમાં આગળ વધી શકે છે અને કશુંક પ્રાપ્ત કરી શકે છે.' (પૃ. ૯૧), 'જેની બોલ-ચાલમાં અને રહેણીકરણીમાં કૃત્રિમતા હોય એની નમ્રતા ઉપર ક્યારેય વિશ્વાસ મૂકશો નહીં.' (પૃ. ૧૩૬), 'પોતાની હોશિયારીનો ફાંકો રાખનાર બહુ ચતુર અને હોશિયાર વ્યક્તિ આવી જ રીતે (કાગડાને કોયલ છેતરે છે એમ) છેતરાય છે.' (પૃ. ૧૫૪)

શતાબ્દી વર્ષ નિમિત્તે કવિવર ઉમાશંકર જોશી પણ કેમ યાદ ન આવે ? ઉ. જો.એ એમ

કહીને ગુજરાતી ભાષા અને ગુજરાતી લોકોનો મહિમા કર્યો છે કે, ‘એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી ?’ મોહમ્મદભાઈએ પણ પોતાનાં એકાધિક આલેખનોમાં માતૃભાષા ગુજરાતીની ગરિમાને પોંખી બતાવી છે. અહીં ત્રણ લેખનાં શીર્ષક પણ ધ્યાનાર્હ છે. (૧) માતૃભાષા ઉપરના પ્રેમની હૃદય હચમચાવી મૂકે એવી વાત, (૨) ગુજરાતી બોલો, ગુજરાતી વાંચો, ગુજરાતી લખો, (૩) ભૂલો ભલે બીજું બધું, માતૃભાષાને ભૂલશો નહીં. આ સંચયમાં માતૃભાષા ગુજરાતીને વધુ ને વધુ પુરસ્કૃત કરવામાં આવી છે. સાથે જ બદલાયેલાં પરિવેશ અને સમાજ સામે પણ નુક્તેચીની કરવામાં આવી છે. એકંદરે સમગ્ર સંચયમાંથી પસાર થતાં વાચક-ભાવક માટે ‘આવકાર’ સંતર્પક બની રહે છે.